GJSK030021612025

દાખલ તારીખ :- ૦૬-૧૦-૨૦૨૫
રજીસ્ટર તારીખ :-૦૬-૧૦-૨૦૨૫
ફેંસલ તારીખ :- ૧૦-૦૬-૨૦૨૬
અવધિ: ૦-વર્ષ ૮-માસ ૪-દિવસ

**પ્રાંતિજના મે.એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની**
**અદાલત સમક્ષ,મુકામ – પ્રાંતિજ**

ફોજદારી કેસ નં.૧૭૭૦/૨૦૨૫

આંક :

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઓ: ૧. સંજય રામજીભાઈ સોલંકી
રહે.પોલીસ લાઈન હેડ કવોટર, હિંમતનગર,
મુળ રહે.મૌછા,તા.પ્રાંતિજ,જી. સાબરકાંઠા,

ગુન્હો : જુગાર ધારાની કલમ-૧૨ મુજબ.

---

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.ડી. વાઘેલા
આરોપી તરફે વિ.વ.શ્રી ડી.એ.દરબાર

---

**-: ઠરાવ :-**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના આરોપીએ તા.૭/૮/૨૫ ના કલાક-૧૯/૦૦ વાગે મોજે-ઉંછા ગામના તળાવ કિનારે ખુલ્લી જગ્યામાં ગંજી પાના વડે હાર જીતનો જુગાર રમી રમતા

દાવ પરના રૂા.૬૦૦/– તથા અંગ ઝડતીના રૂા.૬,૪૦૦/– તથા ગંજી પાના નંગ–પર કિં.રૂા.૦૦ મળી કુલ રકમ રૂા.૭,૦૦૦/–ના મુદામાલ સાથે મળી આવી પકડાઈ જઈ જુગાર ધારાની કલમ–૧૨ મુજબનો ગુન્હો કર્યા બાબતની ફરીયાદ ફરીયાદી એ પ્રાંતિજ પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવેલ છે. તપાસ કરનાર અમલદારે જરુરી પંચનામાં કરી, લાગતા– વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરુધ્ધના ગુનાની તપાસ કરી હાલનું ચાર્જશીટ દાખલ કરેલું છે.

(૨) આરોપી સમન્સ આધારે કોર્ટમાં હાજર થતાં સૌપ્રથમબી. એન. એસ. એસ. ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આંક–૧૦ થી આરોપીનો જવાબ રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતાં ફરીયાદપક્ષે કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>–: મૌખિક પુરાવો :–</u>**

| | | |
|---|---|---|
| (૧) | આંક : ૧૩ | પંચ સાહેદ કાળાજી કચરાજી મકવાણાની જુબાની |
| (૨) | આંક : ૧૫ | પંચ સાહેદ કાળાજી ગીધાજી મકવાણાની જુબાની |
| (૩) | આંક : ૧૭ | ફરીયાદી મદનસિંહ કલ્યાણસિંહની જુબાની |
| (૪) | આંક : ૧૯ | ત.ક.અ. મનીષકુમાર બલભદ્રસિંહની જુબાની |
| (૫) | આંક : ૨૧ | સાહેદ સંદીપકુમાર ઈશ્વરભાઈની જુબાની |
| (૬) | આંક : ૨૨ | સાહેદ હર્ષપાલસિંહ દિલીપસિંહ ની જુબાની |

**<u>–: દસ્તાવેજી પુરાવો :–</u>**

| | | |
|---|---|---|
| (૧) | આંક : ૧૪ | મુદામાલ કબજે કર્યાનું પંચનામું |
| (૨) | આંક : ૧૮ | ફરીયાદ |

(૪) આ સિવાય ફરિયાદી પક્ષે વિશેષ કોઈ પુરાવો રજુ થયો નથી. ફરિયાદી પક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધેલ. જેમાં ખોટી ફરીયાદ કરી ખોટું ચાર્જશીટ કરેલ છે અમો તદન નિર્દોષ છીએ.અમોને નિર્દોષ છોડી મુકવા અરજ છે. ત્યાર બાદ બંને પક્ષે દલીલો સાંભળી.

(૫) ઉપરોકત હકીકતે મારા નિર્ણય અને નિકાલ અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દા :-**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ તા.૭/૮/૨૦૨૫ ના કલાક-૧૯/૦૦ વાગે મોજે-ઉંછા ગામના તળાવ કિનારે ખુલ્લી જગ્યામાં ગંજી પાના વડે હાર જીતનો જુગાર રમી રમતા દાવ પરના રૂા. ૬૦૦/- તથા અંગ ઝડતીના રૂા.૬,૪૦૦/- તથા ગંજી પાના નંગ-૫૨ કિં.રૂા.૦૦ મળી કુલ રકમ રૂા.૭,૦૦૦/-ના મુદામાલ સાથે મળી આવી પકડાઈ જઈ જુગાર ધારાની કલમ -૧૨ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો અને તેના કારણો નીચે મુજબ છે.

**-:: નિર્ણયો ::-**

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**-: કારણો :-**

**મુદ્દા નંબર-૧ :-**

(૭) ફરીયાદ પક્ષ તરફથી પંચનામાના પંચ સાહેદ કાળાજી કચરાજી મકવાણાને આંક–૧૩ થી તથા પંચ સાહેદ કાળાજી ગીઘાજી મકવાણા ને આંક–૧૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદો પોતાની જુબાનીમાં આંક–૧૪ વાળા પંચનામામાં પોતાની સહી કર્યા સિવાય ની કોઈ હકીકત જણાવતા નથી. આ પંચ સાહેદોને ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિ.એ.પી.પી. શ્રીએ પરવાનગીથી તેઓની ઉલટ તપાસ કરેલ છે. તેમાં પણ પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી.

આ કામે પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ના હોઈ વિ.એ. પી.પી. શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરેલા છે.

આ કામે પંચ સાહેદ પોતાની ઉલટતપાસમા એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ તૈયાર પંચનામામા સહી કરેલી, તે સિવાય તેઓ પોલીસ સાથે કોઈ જગ્યાએ ગયેલ નહી કે પોલીસે તેમની રૂબરૂ પંચનામાંમાની કોઈપણ કાર્યવાહી કરેલ નહી.

(૮) ફરીયાદપક્ષ તરફથી ફરીયાદી મદનસિંહ કલ્યાણસિંહને આંક–૧૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૭/૮/૨૫ ના રોજ અમો પ્રાંતિજ પો.સ્ટે. માં અ.હે. કો તરીકે ફરજ પર હતા તે દરમ્યાન અમો તથા પોલીસ સ્ટાફના અન્ય માણસો બાલીસણા ઓ.પી.વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે, ઉંછા ગામના તળાવના કિનારે કેટલાક ઇસમો પૈસા પાના વડે હાર જીતનો રમી રમે છે તેવી બાતમી હકીકત આધારે નજીકમાંથી બે પંચના માણસો બોલાવી સદર બાતમી વાળી જગ્યાએ જતાં કેટલાક ઈસમો જમીન પર ગોળ કુડાળુ વાળી બેહેલ હોય તેમના પર શક જતા ૭ જેટલા ઈસમો નાસવા જતા તમામ ઇસમોને કોર્ડન કરી પકડી પાડેલ તથા અમો પંચો રૂબરૂ પ્રથમ

ઈસમનુ નામઠામ પુછતા પોતાનુ નામ રજુજી શનાજી પરમાર રહે. ઉંછાના હોવાનું જણાવેલ તેમજ બીજા ઈસમનું નામઠામ પુછતા કાળાજી કાનાજી મકવાણા રહે. ઉંછા ત્રીજા ઈસમને પુછતા – કોદરજી ગપાજી મકવાણા રહે. ઉંછા ચોથા ઈસમને પુછતા– ડાહ્યાભાઈ સોમાભાઈ પંચાલ રહે. ઉંછા તેમજ પાંચમા ઈસમનુ નામ પુછતા– સુરેશજી પુંજાજી મકવાણા તથા છઠ્ઠા ઈસમનુ નામ– સંજય બીપીનભાઈ વણકર રહે. ઉંછાનાઓ મળી આવેલ તેમજ જમીન ઉપર પડેલ રોકડ રકમ કુલ રૂા. ૬૦૦/– તેમજ ગંજી પાના નંગ–૩૪ મળી કુલ પાના નંગ–૫૨ મળી આવેલ તેમજ આરોપીઓની અંગ ઝડતીમાંથી મળી આવેલ કુલ રકમ રૂા.૭,૦૦૦/– એમ તમામ મુદ્દામાલ તપાસ અર્થે કબજે લીધેલ અને પંચો રૂબરૂનું વિગતવારનું પંચનામું સાથેના એ.એસ.આઈ.ના રૂબરૂનું કરી લીધેલું અને તમામ ઈસમો વિરૂધ્ધ જુગારધારા અધિનીયમ કલમ –૧૨ મુજબ ફરીયાદ આપેલી. જેમાં તેઓની સહી ઓળખી બતાવે છે. જે ફરીયાદ આ કામે આંક–૧૮ થી રજુ છે. તેમજ આરોપીઓને ઓળખતા હોવાનું જણાવે છે.

સદર ફરીયાદીની ઉલટતપાસ બચાવપક્ષ તરફે કરવામાં આવતાં એ હકીકત કબુલ રાખેલ છે કે,ફરીયાદમાં જણાવ્યા મુજબ પ્રાંતિજ પો.સ્ટે વિસ્તારમાં અમો પેટ્રોલીંગમાં હતા અને ઉંછા ગામે જતા ખાનગી રાહે બાબતે ની વિગતમાં કયા સમયે પેટ્રોલીંગમાં હતા તે સમય જણાવેલ નથી. ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી તેમજ પહેલુ પંચનામું કરેલ ત્યાર બાદ ફરીયાદ કરેલ. પંચોના કદકાઠીનું વર્ણન કરેલ નથી. મે આ પંચના માણસો અમારા અધિકારીએ બોલાવેલા પણ તેઓનું નામ મારી ફરીયાદમાં જણાવેલ નથી.ગંજીપાના બજારમાં સરળતાથી મળી રહે છે. સામાન્ય રીતે દરેક વ્યકિત પાસે સરકારી ચલણના નાણા આર્થિક વ્યવહાર માટે હોય.

ફરીયાદમાં જણાવેલ ચલણી નોટો કયા સીરીયલ નંબરની હતી તે જણાવેલ નથી.અંગ ઝડતી વખતે આરોપીઓએ કયા કલરના કપડાં પહેરેલ તે જણાવેલ નથી.

(૯) ફરીયાદપક્ષ તરફથી ત.ક.અ. મનીષકુમાર બલભદ્રસિંહને આંક-૧૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૭/૮/૨૫ ના રોજ અમો પ્રાંતિજ પો.સ્ટે.માં એ.એસ.આઈ. તરીકે ફરજ પર હતા તે દરમ્યાન અમો તથા પોલીસ સ્ટાફના અન્ય માણસો બાલીસણા ઓ.પી.વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે, ઉંછા ગામના તળાવના કિનારે કેટલાક ઈસમો પૈસા પાના વડે હાર જીતનો રમી રમે છે તેવી બાતમી હકીકત આધારે નજીક માંથી બે પંચના માણસો બોલાવી સદર બાતમીવાળી જગ્યાએ જતાં કેટલાક ઈસમો જમીન પર ગોળ કુડાળુ વાળી બેઠેલ હોય તેમના પર શક જતા ૭ જેટલા ઈસમો નાસવા જતા તમામ ઈસમોને કોર્ડન કરી પકડી પાડેલ તથા અમો પંચો રૂબરૂ પ્રથમ ઈસમનુ નામઠામ પુછતા પોતાનુ નામ રજુજી શનાજી પરમાર રહે. ઉંછાના હોવાનુ જણાવેલ તેમજ બીજા ઈસમનુ નામઠામ પુછતા કાળાજી કાનાજી મકવાણા રહે. ઉંછા ત્રીજા ઈસમને પુછતા - કોદરજી ગપાજી મકવાણા રહે. ઉંછા ચોથા ઈસમને પુછતા- ડાહ્યાભાઈ સોમાભાઈ પંચાલ રહે. ઉંછા તેમજ પાંચમા ઈસમનું નામ પુછતા- સુરેશજી પુંજાજી મકવાણા તથા છઠ્ઠા ઈસમનું નામ-સંજય બીપીનભાઈ વણકર રહે. ઉંછાનાઓ મળી આવેલ તેમજ જમીન ઉપર પડેલ રોકડ રકમ કુલ રૂા.૬૦૦/- તેમજ ગંજી પાના નંગ-૩૪ મળી કુલ પાના નંગ-પર મળી આવેલ તેમજ આરોપીઓની અંગ ઝડતીમાંથી મળી આવેલ કુલ રકમ રૂા.૭,૦૦૦/- એમ તમામ મુદ્દામાલ તપાસ અર્થે કબજે લીધેલ અને પંચો રૂબરૂનું વિગતવારનું પંચનામું અમો

એ પંચો રૂબરૂનું કરી લીધેલું અને તમામ ઈસમો વિરૂધ્ધ જુગારધારા અધિનીયમ કલમ–૧૨ મુજબ ફરીયાદ અમારી સાથેના અ.હે.કો.મદનસિંહ કલ્યાણસિંહનાઓએ આપેલી.જે ફરીયાદ પી.એસ.ઓ.દિનેશભાઈ મોહનભાઈનાઓએ નોંધી સદર ગુનાની તપાસ અમારી તરફ ડેપ્યુટ કરતાં સદર તપાસ મે તે જ દિવસે મે સાંભળી લીધેલ અને તપાસના કામે મે પોલીસ સાહેદોના નિવેદનો લીધેલા અને સદર કામે કબ્જે લીધેલ મુદ્દામાલ મુ.પા.નં.૧૪૬/૨૫ ની ફાડી સદર મુદ્દામાલ કબ્જે લીધેલ અને આ કામના આરોપીઓ ને તા.૦૭/૦૮/૨૫ ના રોજ કલાક ૧૯:૦૦ વાગે અટક કરી મુદતની અંદર જામીન ઉપર મુકત કરેલ અને આ કામના આોરપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય સમય મર્યાદામા નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલ.તેમજ આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

સદર સાહેદની ઉલટતપાસ બચાવપક્ષ તરફે કરવામાં આવતાં એ હકીકત કબુલ રાખેલ છે કે, કહેવાતા બનાવમાં પ્રથમ પંચનામું કરવામાં આવેલ. ત્યાર બાદ ફરીયાદ આપવામાં આવેલ. કહેવાતી ફરીયાદમાં પંચોના નામઠામ જણાવેલ નથી. આ કામે પોલીસ સાહેદ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. કહેવાતી રોકડ રકમ મુદ્દામાલ સળરતાથી ઉપલબ્ધ થઈ શકે. પંચનામાંમા આરોપીઓના કદકાઠીઓનું વર્ણન કરેલ નથી. કહેવાતી રોકડ રકમ મુદ્દામાલ પાંચસો તથા સો દરની નોટો નંબર પંચનામાં જણાવેલ નથી.

(૧૦) ફરીયાદ પક્ષ તરફથી સાહેદ સંદીપકુમાર ઈશ્વરભાઈને આંક–૨૧ થી તથા સાહેદ હર્ષપાલસિંહ દિલીપસિંહને આંક–૨૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૭/૮/૨૫ ના રોજ અમો પ્રાંતિજ પો.સ્ટે. માં ફરજ પર હતા તે દરમ્યાન અમો તથા પોલીસ સ્

ટાફના અન્ય માણસો બાલીસણા ઓ.પી.વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે, ઉંછા ગામના તળાવના કિનારે કેટલાક ઇસમો પૈસા પાના વડે હાર જીતનો રમી રમે છે તેવી બાતમી હકીકત આધારે નજીકમાંથી બે પંચના માણસો બોલાવી સદર બાતમી વાળી જગ્યાએ જતાં કેટલાક ઈસમો જમીન પર ગોળ કુડાળુ વાળી બેઠેલ હોય તેમના પર શક જતા ૭ જેટલા ઈસમો નાસવા જતા તમામ ઇસમોને કોર્ડન કરી પકડી પાડેલ તથા અમો પંચો રૂબરૂ પ્રથમ ઇસમનુ નામઠામ પુછતા પોતાનુ નામ રજુજી શનાજી પરમાર રહે. ઉંછાના હોવાનું જણાવેલ તેમજ બીજા ઈસમનું નામઠામ પુછતા કાળાજી કાનાજી મકવાણા રહે. ઉંછા ત્રીજા ઈસમને પુછતા –કોદરજી ગપાજી મકવાણા રહે.ઉંછા ચોથા ઈસમને પુછતા–ડાહ્યાભાઈ સોમાભાઈ પંચાલ રહે. ઉંછા તેમજ પાંચમા ઈસમનું નામ પુછતા– સુરેશજી પુંજાજી મકવાણા તથા છઠ્ઠા ઈસમનું નામ–સંજય બીપીનભાઈ વણકર રહે. ઉંછાનાઓ મળી આવેલ તેમજ જમીન ઉપર પડેલ રોકડ રકમ કુલ રૂા. ૬૦૦ /– તેમજ ગંજી પાના નંગ–૩૪ મળી કુલ પાના નંગ– પર મળી આવેલ તેમજ આરોપીઓની અંગ ઝડતીમાંથી મળી આવેલ કુલ રકમ રૂા.૭,૦૦૦/– એમ તમામ મુદ્દામાલ તપાસ અર્થે કબજે લીધેલ અને પંચો રૂબરૂનું વિગતવારનું પંચનામું સાથેના એ.એસ.આઈ.ના રૂબરૂનું કરી લીધેલું અને તમામ ઈસમો વિરૂધ્ધ જુગારધારા અધિનીયમ કલમ–૧૨ મુજબ ફરીયાદ અમારી સાથેના મદનસિંહનાઓએ પ્રાંતિજ પો.સ્ટે. આપેલી અને ત.ક.અમલદારે અમારુ નિવેદન લીધેલું.તેમજ આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

સદર સાહેદની ઉલટતપાસ બચાવપક્ષ તરફે કરવામાં આવતાં એ હકીકત કબુલ રાખેલ છે કે,ફરીયાદમાં જણાવ્યા મુજબ પ્રાંતિજ પો.સ્ટે વિસ્તારમાં અમો પેટ્રોલીંગમાં હતા અને ઉંછા ગામે જતા ખાનગી

રાહે બાબતેની વિગતમાં કયા સમયે પેટ્રોલીંગમાં હતા તે સમય જણાવેલ નથી. અમારા નિવેદનમાં પંચોના નામ જણાવેલ નથી તેમજ પહેલુ પંચનામું કરેલ ત્યાર બાદ ફરીયાદ કરેલ. પંચોના કદકાઠીનું વર્ણન કરેલ નથી. મે આ પંચના માણસો અમારા અધિકારીએ બોલાવેલા પણ તેઓનું નામ મારી ફરીયાદમાં જણાવેલ નથી. ગંજીપાના બજારમાં સરળતાથી મળી રહે છે. સામાન્ય રીતે દરેક વ્યકિત પાસે સરકારી ચલણના નાણા આર્થિક વ્યવહાર માટે હોય. ફરીયાદમાં જણાવેલ ચલણી નોટો કયા સીરીયલ નંબરની હતી તે જણાવેલ નથી. અંગ ઝડતી વખતે આરોપીઓએ કયા કલરના કપડાં પહેરેલ તે જણાવેલ નથી.

(૧૧) હવે સદર કામના ફરીયાદી/સાહેદો તથા ત.ક.અ.ની જુબાનીનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે આરોપીઓ પાસેથી ચલણી નોટો કબજે કરવામાં આવેલ હોય તેવી ફરીયાદ પક્ષની હકીકતોને સ્વતંત્ર પંચ સાહેદો સમર્થન આપતા નથી. વધુમાં ફરીયાદમાં તથા સાહેદોના નિવેદનોમાં પંચોના નામઠામ જણાવેલ નથી. તેમજ ફરીયાદમાં કયા આરોપી પાસેથી કયા દરની નોટો હતી તે તેમની ફરીયાદમાં જણાવેલ નથી. વધુમાં બનાવવાળી જગ્યા એ જાહેર જગ્યા હોય ત્યાંથી સ્વતંત્ર સાહેદ મળી શકે તેમ હોય કોઈ સ્વંતત્ર સાહેદનો નિવેદન લેવામાં આવેલ નથી. વધુંમા આ કામે ત.ક.અ.ના પુરાવા જોવામાં આવે તો તેઓએ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. વધુમાં એફ.એસ.એલ. એકસપર્ટનો સદર કામે કોઈ અભિપ્રાય લેવામાં આવેલ નથી. આમ હાલના સાહેદનો પુરાવો જોતા તેઓએ ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહી અનુરૂપ જુબાની આપેલ છે. અને જેનાથી આરોપીઓની કોઈ હાલના ગુનામાં સંડોવણી પુરવાર થતી નથી. વધુમાં જે ચલણી નોટો મુદામાલ કબજે કરેલ હોવાનું જણાવેલ છે. પરંતુ આ કામે મુદામાલ ચલણી નોટો કયા

આરોપી પાસેથી કયા દરની નોટો હતી તે તેમની ફરીયાદમાં જણાવેલ નથી. આમ તપાસવામાં આવેલા પંચના પુરાવાને લક્ષે લઈએ તો તેઓએ ફરીયાદીના પુરાવાને સમર્થન કરેલ નથી. વધુમાં બનાવ વાળી જગ્યા છે તે જાહેર જગ્યા છે. આમ છતાં તપાસના કામે સ્વતંત્ર સાહેદોના નિવદેનો લીધેલ નથી.

(૧૨) આમ ફરીયાદી જે પોલીસના માણસ હોઈ સ્વાભાવીક રીતે જ પોતાનો કેસ પુરવાર કરવામાં રસ હોઈ શકે પરંતુ તેઓની જુબાનીને આ કામે તપાસવામાં આવેલ સ્વતંત્ર પંચ સાહેદોની જુબાનીથી સમર્થન મળેલ નથી. આમ ફરીયાદપક્ષ આ કામે સ્વતંત્ર સાહેદની જુબાનીથી ફરીયાદ હકીકત પુરવાર કરી શકેલ ન હોઈ ફરીયાદી કે જેઓ પોલીસના માણસ છે અને હિત ધરાવનાર સાહેદ છે તેઓની એકલાની જુબાની પર આધાર રાખી આરોપી ને તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૧૩) આમ, ઉપરોકત પુરાવો નજર સમક્ષ રાખતાં આ કામના આરોપી એ જુગાર ધારાની કલમ–૧૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની હકીકત સાબિત થતી ન હોઈ, આરોપીને તકસીરવાર ઠરાવી શકાય તેવા મૌખિક તથા સાંયોગિક પુરાવાના અભાવે તેમજ ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધ ની હકીકતોનો કેસ સાબિત કરવામાં સફળ થયેલ ન હોઈ, મુદ્દા નંબર–૧ નો જવાબ ''**નકારમાં**'' આપી, મુદ્દા નંબર–૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## // હુકમ //

૧. આ કામના આરોપી સંજય રામજીભાઈ સોલંકીનાઓને બી. એન. એસ.એસ.ની કલમ–૨૭૮ (૧) મુજબ જુગાર ધારાની કલમ–૧૨ મુજબના ગુન્હા માંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ પાવતીમાં જણાવેલ ગંજી પાનાનો અપીલ સમય વિત્યા બાદ નિયમ અનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. જયારે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ ચલણી નોટો (નાણા) અપીલ સમય પુરો થયા બાદ શ્રી સરકાર ખાતે જમા લેવાનો હુકમ કરવામાં આવે છે.

૩. બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ આરોપીએ જામીન આપવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૧૦/૦૬/૨૦૨૬ **( સ્નેહલ મૃદુલભાઈ શુકલ )**
મુ.પ્રાંતિજ. એડી. ચીફ જયુડી. મેજી., પ્રાંતિજ.
(જજ કોડ–જીજે૦૧૩૮૩)

//S.C.P.//